# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૩૦/૦૫/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૯ લીટર દેશી દારૂ, ૨૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન, ૨ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૩૨/૨૦૨૫**

**ખોખરાઃ** વિપુલભાઇ અમૃતલાલ અગ્રવાલ (ઉ.વ.૪૧) (રહે. રાધે બંગ્લોઝ વિભાગ-૧ ખોખરા) એ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિપુલભાઇ અગ્રવાલ નાઓ અનુપમ સિનેમા સામે ડેન્ટલ કોલેજની બાજુમાં શ્રી મહાકાળી ફ્રુટ સેન્ટર તથા શ્રી આશાપુરી ફ્રુટ સેન્ટર નામની દુકાન ધરાવી ફ્રુટનો ધંધો કરતા હોય તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અશોકભાઇ શંકરભાઇ પ્રજાપતિ (રહે. સેવન એન્કલેવ, હીમાપાર્કની બાજુમા શાંતીવન પાલડી તથા (૨) મજહરખાન મંજુરખાન પઠાણ (રહે. ૭૦૪- જેડ/એ, દોસ્તી પ્લાનેટ, શિલફાટા, ઠાણે, મહારાષ્ટ્ર) એ ભેગા મળી ઈરાનથી સફરજનનો વેપાર ધંધો કરવાનો હોય જે બાબતે વિપુલભાઇ અગ્રવાલ સાથે વાતચીત કરી વિપુલભાઇ અગ્રવાલને રૂપિયા ૨૨,૯૫,૦૦૦/- મા બે કન્ટેનર ઈરાની સફરજન મંગાવી આપવાનુ તથા તમામ પ્રોસેસ શિખવાડવાનુ જણાવી વિપુલભાઇ અગ્રવાલને ભરોસો આપી વિપુલભાઇ અગ્રવાલ પાસેથી રૂપિયા ૨૨,૯૫,૦૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ ઈરાની સફરજનનો માલ નહી પહોચાડતા તેઓની પાસેથી આપેલ રૂપિયાની માંગણી કરતા આપેલ રૂપિયા ૨૨,૯૫,૦૦૦/- પૈકી રૂપિયા ૭,૨૫,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૧૫,૭૦,૦૦૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મિતકુમાર પ્રકાશભાઇ ચલાવે છે.

**શાહીબાગઃ** શાહીબાગ અસારવા હરીપુરા સિવિલ કેમ્પસ  દેવી ગર્લ્સ હોસ્ટેલ ખાતે રહેતી યુવતી (મુળ વતન. ગ્રીન સીટી ગોલ્ડ કિંગસ્ટન સોસાયટી સામે ભાટા સુરત) એ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે યુવતીના મોબાઈલ ફોન ઉપર મોબાઈલ નંબર ૯૧૬૬૧૦૯૭૫૦ ના ધારકે ફોન કરી જણાવેલ કે "તમારા પિતાએ તમારા બેંક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું જણાવેલ છે" તેમ જણાવી યુવતીના મોબાઇલ નંબર ઉપર રૂપિયા ક્રેડીટ થયાનો ખોટા ટેક્સ્ટ મેસેજ મોકલી વિશ્વાસમાં લઈ યુવતી પાસેથી તેઓના ખાતામાં કુલ રૂપિયા ૨૯,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ભીખુભાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** અલ્પાબહેન વા/ઓ મહેન્દ્રભાઈ હડીયલ (ઉ.વ.૩૪) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રાધા ક્રિષ્ણા મંદિર પાસે આશોપાલવ પાન પાર્લરની ગલી પાસે મેઘાણીનગર) એ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન એમ.પી.એફ ડ્રીમ વલ્ડ ઈન્ટરનેશનલ નીધી લીમીટેડ બચત યોજનામાં કામ કરતા આરોપી (૧) અરમાન જોશી (રહે.અંબિકા સોસાયટી ડૉક્ટર હર્ષદભાઈના દવાખાનાની ગલી મેલડીમાતાના મંદિર પાસે ડમરૂ સર્કલ મેઘાણીનગર) અને (૨) હેતલ પટેલ (રહે.સેટેલાઈટ) એ ભેગા મળી એમ.પી.એફ ડ્રીમ વલ્ડ ઈન્ટર નેશનલ નીધી લીમીટેડ નામની બચત યોજનાની વિવિધ સ્કીમમાં લોભામણી લાલચ આપી બચત યોજનામાં અલ્પાબહેન હડીયલ તથા અલ્પાબહેન હડીયલના અન્ય સંબંધીઓ પાસેથી મળી કુલ રૂપિયા ૨,૯૩,૨૪૦/- રોકાણ કરાવી પાકતી મુદતે નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૩૩/૨૦૨૫**

**સરદારનગરઃ** રામવીર મહેન્દ્રભાઇ રાજપુત (રહે. વાલ્મીકી આવાસ સુભાષનગર નોબલનગર) એ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી મોબાઈલ ફોન નંગ-૩ કિમત રૂપિયા ૬,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ હતી. તેમજ રામવીર રાજપુતના મોબાઈલ ફોન દ્વારા ખાતામાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.બી.કલસરીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૩૪/૨૦૨૫**

**આનંદનગરઃ** વેજલપુર ચામુંડાનગર સોસાયટી ખાતે રહેતા મનસારામ સ/ઓ કાલીપદ પ્રમાણિક (ઉ.વ.૩૨) (મુળ વતન. રહાર્ડી પોસ્ટ-ડુબરા જીલ્લો-પુરુલિયા પશ્ચિમ બંગાળ) તા.૨૮/૦૫/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર ફાટકની બાજુમા ચામુંડાનગર અંડરબ્રીજ પાસે રેલવે ટ્રેક ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેઈનની અડફેટમાં આવી જતાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપસિંહ અભેસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૩૫/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** બીપીનભાઇ રમેશભાઇ ચાંચીયા (ઉ.વ.૩૧) (રહે. સવગણનગર વિભાગ-૧ ભીલવાડા અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૫/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી મેટ્રો પીલ્લર નંબર-૫૬ નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૫/૨૦૨૫ કલાક ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**વટવાઃ** આસીફ ઉર્ફે સમીર સ/ઓ મુન્નેખાન મેવ (ઉ.વ.૩૪) (રહે. મકદુમનગર-૨ અલફલાની બાજુમાં સૈયદવાડી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૫/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે વટવા કુત્બેઆલમ દરગાહની બાજુમા મોટો ચુનારાવાસ ખાતે પ્રેમ સંબંધ ધરાવતી મહીલાના ઘરે લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેકટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી